દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬

# યુરોપ ખંડ પૃથ્વીના તમામ ખંડોમાં સૌથી ઝડપથી ગરમ થઇ રહ્યો છે

આ વર્ષે યુરોપમાં કદાચ અભૂતપૂર્વ ગરમી પડી છે. આમ તો અમેરિકાએ પણ સખત ગરમીનો સામનો કર્યો છે પરંતુ એકંદરે વધુ ઉત્તરમાં આવેલા અને ઠંડા ખંડ મનાતા યુરોપની ગરમી વધુ આકરી પુરવાર થઇ છે. યુરોપના કેટલાક દેશોમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયું છે, જે ત્યાંના પ્રમાણમાં ઘણુ વધારે કહેવાય. જેના કારણે લાખો લોકો માટે આરોગ્ય સંબંધિત ચેતવણીઓ જારી કરવામાં આવી છે. સમગ્ર યુરોપમાં, સત્તાવાળાઓ તીવ્ર ગરમીના પરિણામો સામે ઝઝૂમી રહ્યા છેઃ ઇટાલીમાં લાખો લોકો માટે હેલ્થ એલર્ટ, ઓસ્ટ્રિયામાં વિક્રમી તાપમાન, મધ્ય યુરોપમાં દુષ્કાળને કારણે ઊર્જા અને જળમાર્ગ પરિવહનમાં વિક્ષેપ, અને ફ્રાન્સથી લઈને બાલ્કન દેશો સુધી ફેલાયેલી જંગલની આગ. વૈજ્ઞાનિકો અને અધિકારીઓ ચેતવણી આપે છે કે જેમ જેમ આબોહવા ગરમ થઈ રહી છે, આવી ઘટનાઓ વધુ વારંવાર અને વધુ તીવ્ર બની રહી છે.

ભૂમધ્ય સમુદ્રથી લઈને મધ્ય યુરોપ સુધી, લાંબા સમય સુધી ગરમી, દુષ્કાળ અને જંગલની આગની સ્થિતિ હવે ધીમે ધીમે ઉનાળાની ઓળખ બની રહી છે. હાલના હીટવેવે જાહેર આરોગ્ય પ્રણાલીઓ, વીજ ઉત્પાદન, પરિવહન નેટવર્ક અને પ્રવાસન માળખામાં નબળાઈઓને ખુલ્લી પાડી દીધી છે, જેનાથી સરકારો અને વ્યવસાયોને આ વધુ વારંવાર આવતા આત્યંતિક હવામાન સાથે અનુકૂલન સાધવાની ફરજ પડી છે. ઇટાલીના આરોગ્ય મંત્રાલયે હાલમાં ગુરુવારે તેની રાષ્ટ્રીય હીટ સર્વેલન્સ સિસ્ટમ હેઠળ આવરી લેવાયેલા તમામ 27 શહેરોને 'રેડ એલર્ટ' પર મૂક્યા હતા. આ વર્ષમાં પ્રથમ વખત આખું નેટવર્ક એક સાથે સર્વોચ્ચ ચેતવણીના સ્તર પર મૂકાયું છે. કેટલાક વિસ્તારોમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની નજીક પહોંચી જતાં સત્તાવાળાઓએ રહેવાસીઓ અને પ્રવાસીઓને દિવસના સૌથી ગરમ કલાકો દરમિયાન સીધા સૂર્યપ્રકાશથી બચવા, શક્ય હોય ત્યાં સુધી ઘરની અંદર રહેવા અને પુષ્કળ પાણી પીવાની સલાહ આપી હતી. ગરમીના કારણે મુખ્ય પ્રવાસી આકર્ષણોમાં પણ ફેરફાર કરવાની ફરજ પડી છે. પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રાલયોએ રોમના કોલોસિયમ અને પેન્થિઓન સહિતના ઐતિહાસિક સ્થળો પર સાંજના સમયના મુલાકાતના કલાકો લંબાવ્યા છે. ઓસ્ટ્રિયા પણ ભીષણ દુષ્કાળનો સામનો કરી રહ્યું છે. દેશભરમાં 1 જાન્યુઆરીથી 30 જૂન દરમિયાન પડેલો વરસાદ લાંબા ગાળાની સરેરાશ કરતાં 27 ટકા ઓછો હતો, જ્યારે કેટલાક પૂર્વીય પ્રદેશોમાં સામાન્ય કરતાં માત્ર અડધો વરસાદ થયો હતો. એક હવામાનશાસ્ત્રીએ જણાવ્યું હતું કે દેશના કેટલાક ભાગોમાં 1885 પછી આવી શુષ્ક પરિસ્થિતિ જોવા મળી નથી. હંગેરીમાં, લાંબા સમયથી દુષ્કાળ અને ડેન્યુબ નદીમાં જળસ્તરના ઐતિહાસિક ઘટાડાને કારણે દેશના એકમાત્ર ન્યુક્લિયર પાવર પ્લાન્ટને ગંભીર અસર થઈ છે, જે તેના રિએક્ટરને ઠંડા રાખવા માટે નદીના પાણી પર નિર્ભર છે. પ્લાન્ટ ઓપરેટરોએ ઉત્પાદન ઘટાડીને સામાન્ય ઉત્પાદનના લગભગ 10 ટકા જેટલું કરી દીધું છે, જેના કારણે ગરમીના રેકોર્ડબ્રેક મોજા વચ્ચે સરકારે ઇમરજન્સી ઉર્જા સંરક્ષણ ઉપાયો અમલમાં મૂક્યા છે. સત્તાવાળાઓએ મોટા ઔદ્યોગિક વપરાશકર્તાઓ અને ઘરોને ખાસ કરીને સાંજે 5 થી રાત્રે 10 વાગ્યાના પીક ડિમાન્ડ અવર્સ દરમિયાન વીજ વપરાશ ઘટાડવા વિનંતી કરી છે. આ કલાકો દરમિયાન માલગાડીઓના સંચાલન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જ્યારે બુડાપેસ્ટમાં ઐતિહાસિક સ્થળોની ડેકોરેટિવ લાઇટિંગ બંધ કરી દેવામાં આવી છે. વીજળી બચાવવાના પ્રયાસરૂપે અહીંની સરકારે હાલમાં કેટલાક સંસદીય સત્રો પણ રદ કર્યા છે. રાઇન અને અન્ય નદીઓમાં પાણીનું સ્તર સતત ઘટવાને કારણે જર્મનીમાં દુષ્કાળની અસર અંગે ચિંતા વધી રહી છે. આ બધી જ બાબતો સૂચવે છે કે યુરોપમાં સ્થિતિ કેટલી ગંભીર બની ગઇ છે.

યુરોપ વૈશ્વિક સરેરાશ દર કરતાં બમણાથી વધુ ઝડપે ગરમ થઈ રહ્યું છે. ૧૯૯૦ના દાયકાના મધ્યભાગથી દર દાયકે અંદાજે ૦.૫૬C નો વધારો થઈ રહ્યો છે. આ ઝડપી ગરમી પાછળ ઝડપથી ગરમ થઈ રહેલા આર્કટિક પ્રદેશ સાથેની તેની વિશિષ્ટ ભૌગોલિક નિકટતા અને વાતાવરણીય ફેરફારો જેવા પરિબળોનું મિશ્રણ જવાબદાર છે, જે ઉનાળામાં તીવ્ર હીટવેવને જકડી રાખે છે. ઉત્તર યુરોપના કેટલાક ભાગો આર્કટિક સરહદને અડે છે, જે પૃથ્વી પર સૌથી ઝડપથી ગરમ થઈ રહેલો પ્રદેશ છે. ગ્લોબલ વૉર્મિંગને કારણે બરફ અને હિમ ઓગળવાને કારણે જમીન અને સમુદ્રની કાળી પડતી સપાટીઓ ખુલ્લી થાય છે. આ કાળી સપાટીઓ સૂર્યપ્રકાશને અવકાશમાં પાછો પરાવર્તિત કરવાને બદલે વધુ પ્રમાણમાં સૌર ઊર્જાનું શોષણ કરે છે, જેનાથી ગરમી વધવાનું આ ચક્ર આપોઆપ મજબૂત બને છે. આલ્પ્સ જેવી પર્વતમાળાઓ ખૂબ જ ઝડપથી બરફની ચાદર ગુમાવી રહી છે, જેના લીધે જમીન પરથી સૂર્યપ્રકાશનું પરાવર્તન ઓછું થઈ રહ્યું છે. વાતાવરણીય પરિભ્રમણ અને જેટ સ્ટ્રીમમાં થતા ફેરફારો સ્થિર અને ધીમી ગતિએ ચાલતી ઉચ્ચ દબાણવાળી પ્રણાલીઓને પ્રોત્સાહન આપે છે. આમ વિવિધ અનેક પરિબળો યુરોપ ખંડને ઝડપથી ગરમ બનાવી રહ્યા છે.

## ઉમદા કાર્ય

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

એક અત્યંત શ્રીમંત શેઠના ત્રણ પુત્રો હતા. ત્રણે સમજદાર અને લાયક હતા. શેઠે બધી સંપત્તિ ત્રણ જણ વચ્ચે વહેંચી દીધી. માત્ર એક અતિ મૂલ્યવાન વીંટી અને વેપારમાં છેલ્લો નિર્ણય લેવાનો અધિકાર બાકી રાખ્યો. તેમણે ત્રણે પુત્રોને બોલાવીને કહ્યું, ''હું આ વીંટી જેને આપીશ તેને વેપાર માટે આખરી નિર્ણય લેવાનો અધિકાર મળશે. તેને માટે તમારે ત્રણ જણે દસ દિવસની અંદર એક ઉમદા કાર્ય કરવાનું છે જેમાં પૈસાનો ઉપયોગ કોઈ રીતે સામેલ ન હોવો જોઈએ.'' ત્રણે ભાઈઓ નગરમાં નીકળ્યા અને સૌથી ઉમદા કાર્ય કયું કરવું તે વિચારવા લાગ્યા. સૌથી નાના પુત્રને રસ્તામાં હીરા ભરેલી પોટલી મળી. તેણે તે પોતાની પાસે ન રાખતાં તરત જ રાજાના દરબારમાં જમા કરાવી અને જમાદાર સાથે મહેનત કરી તેના માલિકને શોધી તેને પાછી આપી. વચલો પુત્ર નદી કિનારે બેસીને શું કરવું તે વિચારી રહ્યો હતો ત્યાં તેણે જોયું કે અચાનક એક નાનકડી બાળકી નદીના વ્હેણમાં તણાઈ રહી હતી. તેણે તરત જ નદીમાં કૂદકો મારી નદીના ધસમસતા વહેણ સામે લડીને બાળકીને બચાવી લીધી.

સૌથી મોટો પુત્ર શું કરવું તેના વિચારોમાં ફરી રહ્યો હતો ત્યાં તેને પોતાના કુટુંબના સૌથી મોટા દુશ્મનના દીકરાને ટેકરી ઉપર રમતમાં દોડતાં જોયો. તે છોકરો મસ્તીમાં દોડતો ખીણ તરફ જતો હતો. તેણે જઈને દુશ્મનના છોકરાને ઊંચકી લીધો. જો તે તેને ઉંચકત નહિ તો તે આગળ ખીણમાં પડી જાત.દુશ્મનાવટ ભૂલીને તેણે છોકરાનો જીવ બચાવ્યો. ત્રણે પુત્રો પિતાજી પાસે આવ્યા અને પોતે જે કાર્ય કર્યું હતું તે વિગતવાર જણાવ્યું.વેપારી બાહોશ શેઠે મોટા પુત્રના હાથમાં વીંટી પહેરાવી અને કહ્યું, ''તેં સાચા સજ્જન તરીકે દુશ્મનાવટ અને નફરત ભૂલીને એક ઉત્તમ કાર્ય કર્યું છે એટલે આ વીંટી અને આખરી નિર્ણય લેવાનો અધિકારી હું તને બનાવું છું.'' શેઠ આગળ બોલ્યા, ''હું ખુશ છું કે મારા ત્રણે દીકરાઓમાં સર્વોત્તમ ગુણો છે.નાનો દીકરો પ્રામાણિક છે, વચેટ દીકરો સાહસી અને અન્ય માટે પોતાનો જીવ જોખમમાં મૂકનાર પરોપકારી છે અને મોટો દીકરો નફરત ભૂલીને દુશ્મનની પણ મદદ કરનારો છે એટલે તમે ત્રણે એકસાથે મજબૂત બનીને રહેજો અને દુશ્મનનું પણ ખરાબ ન કરનારો મોટો ભાઈ નાના ભાઈઓને તો બરાબર જાળવશે તેની મને ખાતરી છે એટલે તેની આજ્ઞાનું પાલન કરજો.'' શેઠજીએ ત્રણે દીકરાઓને સુંદર સમજ આપી.

# દેશમાં યુવાનોમાં વધતું નશાખોરીનું વલણ ચિંતાજનક છે

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**બાળકોને ભણાવવું મોંઘું છે પણ હવે આપણી નવી ચિંતાનો વિષય છે ગુજરાતનાં યુવાનોમાં ડ્રગ્સ અને દારૂના નશાનું વધતું દૂષણ**

એક તરફ જેનજીના સમાચારો ચર્ચામાં છે તો બીજી બાજુ વડાપ્રધાનશ્રીએ દેશને નશાખોરી મુક્ત કરવાનું અભિયાન શરૂ કરવું છે. ગુજરાતમાં પણ આ વિષય ઘણી વાર ચર્ચાઈ ચૂક્યો છે. ઘણાં માને છે કે ગુજરાતમાં દર ત્રીજો યુવાન દારૂ એક વાર તો ચાખી ચૂક્યો છે. ગુજરાતમાં કંડલા બંદર કે મુન્દ્રા પોર્ટ પરથી ડ્રગ્સ પકડાયાના સમાચારો વારંવાર વાંચવા મળે છે. જો કે તે મોકલનાર પકડાય તો લિંક મળે. ગુજરાતનાં તમામ શહેરોમાં સઘન ચેકિંગ થાય તો સાંજના સમયે ઘણાં લોકો નશાની હાલતમાં ડ્રાઈવ કરતાં પકડાય.

ગુજરાતનાં નાગરિકોની ચિંતાનો ખરો વિષય કયો હોઈ શકે? હા,કોન્ટ્રાકટ સીસ્ટમમાં યુવાનોનું થતું શોષણ, સરકારી નોકરીઓનો અભાવ,વધતા જતા ભાવ ,પાયાની, સામાજિક-સામુહિક સેવાઓનું ખાનગીકરણ આપણી ચિંતાનો વિષય છે જ. જીવવું મોંઘું છે, માંદા પડવું પણ મોંઘું છે. બાળકોને ભણાવવું મોંઘું છે પણ હવે આપણી નવી ચિંતાનો વિષય છે ગુજરાતનાં યુવાનોમાં ડ્રગ્સ અને દારૂના નશાનું વધતું દૂષણ. જો ડ્રગ્સ કાંડમાં પકડાયેલા ફિલ્મ સ્ટાર અને ફિલ્મસ્ટારના દીકરાઓના સમાચારોની આપણે ઉત્સાહપૂર્વક ચર્ચા કરતા હોઈએ તો સાથે આપણાં બાળકો પણ મોડી રાત સુધી ક્યાં ફરે છે તેની ચિંતા કરવી જોઈએ. પહેલાં સાંભળવા મળતું કે અમુક ચોક્કસ લોકો જ ગાંજો ચરસનાં બંધાણી હોય છે પણ હવે તો હુક્કા બાર અને શહેરના રાજમાર્ગો પર મોડી રાત્રે ચાલતી કીટલીઓ પર પણ આ બધા જ નશા થાય છે.

ગાંધી બાપુના ગુજરાતમાં દારુબંધી છે છતાં દારૂ વેચાય છે એમ ઘણા માને છે પણ હવે તો ડ્રગ્સ વેચાય છે અને તે પણ ઓનલાઈન એ કેટલાં જાણે છે?

આપણે કદી આપણાં બાળકો ક્યાં કોને મળે છે તેની ખબર રાખીએ છીએ? એમના મોબાઈલની કિંમત પણ ઘણાં માબાપ જાણતાં નથી. જો બાળકો મોંઘા મોબાઈલ વાપરે છે તો તે ક્યાંથી આવ્યા? આ પ્રશ્ન થવો જોઈએ. આજે સો રૂપિયાને પાર વેચાતું પેટ્રોલ એ કેવી રીતે ભરાવે છે? અને બાઈક પર ક્યાં ફરે છે તે આપણી ચિંતાનો વિષય છે. ક્યારેક તેની વોટસેપ ચેટ આપણે તપાસતા રહીએ, તો પોલીસને નહીં તપાસવી પડે.

આજે કાળા કારોબાર કરનારા આધુનિક બની ગયા છે. ટેકનોલોજીના ઉપયોગથી ઓર્ડર લેવાય છે. હોમ ડીલીવરી કે હેન્ડ ટુ હેન્ડ ડીલીવરી થાય છે ત્યારે, આ ડ્રગ્સના દૂષણમાં આપણાં પાલ્ય નથી સપડાયાં તે જોવું પડશે.ગુજરાતનાં માતાપિતા દીકરો-દીકરી બીજી જ્ઞાતિમાં ના પરણે તે માટે સતત ચિંતિત હોય છે. બીજા ધર્મમાં ના પરણે એ તો ચિંતા સરકાર પણ કરે છે પણ આ જ બાળક ખોટા રવાડે ના ચડે, એ ડ્રગ્સના બંધાણી ના બને એ માટે કોઈ ચિંતા કરતું નથી. છાપામાં દર અઠવાડિયે ડ્રગ્સ સાથે માણસ પકડાયાના સમાચાર છપાય છે. ગુજરાતના અગ્રણી અખબાર તથા સામયિકો હવે ડ્રગ્સ વિષે કવર સ્ટોરી કરતાં થયાં છે. ગુજરાતના પોર્ટ પર ૨૦૦૦ કરોડના ડ્રગ્સ પકડાયાના સમાચાર તાજા જ છે પણ આ સીમાંકનોની વચ્ચેથી ઉપસી આવતું સત્ય એ છે કે ગુજરાતમાં ડ્રગ્સનો કારોબાર હવે મોટો, બ્યાપક અને કરોડોનો ધંધો છે. સ્વાભાવિક છે તંત્ર પણ આમાંથી કંઈક મેળવતું હોય. સત્તાના સાથ વગર આટલો મોટો એટલો ખોટો અને એટલો લાંબો સમય કોઈ કારોબાર ચાલે નહિ પણ આપણા ઈરાદાઓ રાજકીય આક્ષેપો કરવાનો નથી. આપણો ઈરાદો પ્રજાને જાગૃત કરવાનો છે.

સામાજિક સમસ્યાઓના ઉકેલમાં સરકારને સાથ આપવો જોઈએ અને જરૂર પડે ત્યાં કાન આમળવો જોઈએ. આજે ગુજરાતનાં નાનાં નાનાં ગામડાંમાં સાંજ પડે એટલે ગાંજો ચરસ ફૂંકાય છે. શહેરના હાઈ વે પર બાઈકો પાર્ક કરીને યુવાનો આ લત લગાડે છે. પાર્ટી પ્લોટોમાં ખાસ પાર્ટીઓ યોજાય છે અને એ ડ્રગ્સની લતે ચડેલા યુવાનો, ચોરી, ઓનલાઈન ફ્રોડ કે ક્રેડીટ કાર્ડના દેવા તળે ડૂબતા જાય છે. રાજ્યમાં છેલ્લાં વર્ષોમાં વધેલા ગુનાખોરીના આંકડા તપાસો તો આ નશો અને તેના દ્વારા ઊભું થયેલું નશાનું તંત્ર સ્પષ્ટ થયા વગર રહેશે નહીં. માટે સમય છે વેળાસર જાગવાનો . ઊડતા પંજાબની જેમ ઊડતા ગુજરાતનું નામ પ્રખ્યાત નથી કરવાનું. ગુજરાતના મા-બાપ ઊંઘે તો જ યુવાનો નશામાં ઊડે પણ આપણે તે થવા દેવાનું નથી. રાજકારણ અને લાલચથી ઉપર ઊઠીને ગુજરાતમાં પ્રસરતા આ કાળા કારોબારને નાથવાનો છે. આ સમસ્યા બિલકુલ નજરઅંદાજ કરવા જેવી નથી. આ દૂષણ સામે બહુઆયામી લડત આપવી પડે તેમ છે.

એક તરફ યુવાનો એમાં ના સપડાય તેની જાગૃતિ ચલાવવી. બે, ડ્રગ્સના રવાડે ચડેલા યુવાનોને પ્રેમ, હૂંફ આપી સાચા માર્ગે પાછા વાળવા અને ડ્રગ્સના કારોબારીઓને જેર કરવા, તેમને સજા કરવી અને તેમની સાથે સાંઠગાંઠ રાખનારાને ખુલ્લા પાડવા આવા ત્રિપાંખિયા જંગથી જ આ શેતાનને હરાવી શકાય.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# દેશ સ્વતંત્ર-ચમનિયો પરતંત્ર!

## મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**જ્યાં ભટકવું હોય ત્યાં ભટકાય, જે ખાવું હોય તે ખવાય, રાત્રે ગમે તેટલા વાગે ઘરે અવાય! કોઈ રોકે નહિ, કોઈ ટોકે નહિ! જેવાં લગન થયાં એટલે સિંહ ઉપર 'માતાજી'ની સવારી આવી ગઈ**

હાસ્યનું કામકાજ પણ કાંદા-બટાકા જેવું! કાંદા-બટાકા કોઈ પણ શાકનું પૂરક બની જાય!આઝાદ-દિન આવ્યો, એટલે મને પણ થયું કે, લાવ, એમાં હાસ્યનો વઘાર કરું! ભારત એ ભારત છે દાદૂ! સંતોનો દેશ, ઋષિઓનો દેશ, નદી,પહાડો અને જંગલોનો દેશ, શ્રી રામ અને શ્રી કૃષ્ણનો દેશ અને વેદવિચારનો દેશ! એક છોકરાને પૂછ્યું કે, દુનિયામાં દેશ કેટલા? મને કહે,'ભારત એક જ! બાકીના બધા 'વિદેશ'કહેવાય! એના કપાળમાં કાંદા ફોડું! એક વાત તો, ભારતમાં જનમ મળે એટલે સમજવું કે, પૂર્વ જનમના સંસ્કાર સારા, તો જ ભારતમાં જનમ મળે! ભારતમાં જનમ લેવા માટે જો શેર બજારની જેમ બોલી બોલાતી હોય તો, નક્કી ઊંચા ભાવે જાય! કોઈએ પણ ભગવાનને ફરિયાદ કરી નથી કે, ' તમે મને ભારતમાં જનમ આપીને ફસાવી દીધો, મને પાછો ઉપર બોલાવી લે!' આ તો એક ગમ્મત કે, જમાનો Artificial intelligence નો છે! ભગવાન પણ જો ભક્તોના દબાણમાં આવી ગયા તો, ભરોસો નહિ, પાર્સલને પાછું બોલાવી પણ લે!

આ તો થયું કે, લગનના ગીત લગને નહિ ગાઉં તો સારું નહિ લાગે. ફરી પાછી એક ૧૫ મી ઓગષ્ટ આવી. એ જોઈને વિચાર આવ્યો કે, આઝાદ દિન આવે એટલે કેવું ચોમેર દેશભક્તિ છલકાવા માંડે ? આપણને આનંદ થાય. શું સફેદ ઝભ્ભા ચઢાવીને નારા લગાવવાથી રાષ્ટ્રભક્તિ પ્રગટતી હશે? તો તો ભારતના બગલાઓમાં પણ દેશદાઝ ફૂટી હોત! અમુક તો સરકસના શો વખતે 'ટાઈગર' બહાર નીકળે એમ પ્રગટ થતા હોય. આખું વર્ષ સ્વચ્છતાનું સૂતક પાળ્યું હોય, ગુટખા-મસાલા ને પાનની પીચકારીઓથી રસ્તાઓનું રંગરોગાન કર્યું હોય, સોસાયટીના નાકે બેસીને ભારતની 'તારી-મારી' કરી હોય, એ જ બધા ધ્વજવંદન ટાણે પહેલી હરોળમાં ઊભા હોય. સવારમાં જેવું લાઉડસ્પીકર ઉપર 'અય મેરે વતન કે લોકો' ની ધૂન વાગે, એટલે માતાજી આવે, એમ શરીરમાં દેશભક્તિ આવી જાય. પછી એવો કલર પકડે કે, ગળું ફાડીને ગરનાળું ભલે થઈ જાય, પણ દમથી નારો લગાવે, 'આઝાદી અમર રહો!'અમારો ચમનિયો તો બ્યુગલમાં એવી ફૂંક મારે કે, ઝાડવાં ઉપર જમાવટ કરીને બેઠેલાં પંખીઓ પણ ઝાડવાં છોડીને ઊડી જાય, ને જાગેલાં મરઘા ગભરાઈને પાછાં સૂઈ જાય! આ તો હસવાની વાત, બાકી આપણા દેવતુલ્ય પતિઓને ખરેખર આઝાદી મળી છે ખરી? કોણ ભલાને પૂછે છે? આઝાદ દિનના માધ્યમથી મારે એ જ વ્યથા-કથા કરવી છે! અમારો ચમનિયો જ્યારથી પતિ થયો, ત્યારથી પતી ગયો. બાકી એનો દેશપ્રેમ એટલે હોલમાર્ક સોના જેવો! લોકો ધાર્મિક તહેવાર હોય તો, ઉપવાસ રાખે, એ રાષ્ટ્રીય તહેવારના જ ઉપવાસ રાખે! લોકો ધ્વજવંદન કર્યા પછી નાસ્તા-પાણીના જલસા ભલે કરતા હોય, ચમનિયો સવારથી સાંજ સુધી અન્નનો દાણો નહીં લે! દેશપ્રેમ એટલે દેશપ્રેમ! આખો દિવસ રેંટિયો ચલાવે ને સાંજે ઝંડો ઊતાર્યા પછી જ, પારણાં કરે! તે પણ વંદે માતરમ્ ગાઈને ! એવો દેશપ્રેમી! આમ પણ ચમનિયા માટે ૧૫મી ઓગષ્ટનું મહત્ત્વ વધારે. કારણ કે, જે દિવસે ભારત આઝાદ થયેલું, એ દિવસે ચમનિયો ગુલામ બનેલો. ચમનિયાના લગન ૧૫મી ઓગષ્ટે થયેલાં! દેશ માટે ભલે એ આઝાદીનો દિવસ હોય, પણ ચમનિયા માટે પોતાની 'સ્વતંત્રતા' વિસર્જિત કરવાનો દિવસ!! હસતાં હસતાં બધાને કહે કે, 'જોયું? મારી લગ્નતિથિની ઉજવણી તો આખો દેશ કરે! એ દિવસે આખા દેશમાં જાહેર રજા હોય! પણ આટલું કહેતાં જ્યારે ડૂમો ભરાઈ જાય ત્યારે કહે, 'રમેશિયા! આ આઝાદ દિને મારે જો કોઈ પ્રજા-જોગ સંદેશ આપવાનો હોય તો, હું એટલો જ આપું કે, 'પાંચ વિંઘા જમીનમાં ઘઉં-જુવાર- બાજરો વાવજો, પણ લગન નહિ કરતાં!'નહિ તો પતિ થવામાં પતી જશો!' કુંવારો હતો ત્યારે સિંહ જેવો હતો. જ્યાં બેસું તે સિંહાસન બની જતું. જ્યાં ભટકવું હોય ત્યાં ભટકાય, જે ખાવું હોય તે ખવાય, રાત્રે ગમે તેટલા વાગે ઘરે અવાય! કોઈ રોકે નહિ, કોઈ ટોકે નહિ! જેવાં લગન થયાં એટલે સિંહ ઉપર 'માતાજી'ની સવારી આવી ગઈ. પાળેલા પ્રાણી જેવી હાલત થઈ ગઈ! જે લોકો 'રોકી' કહેતા, એ મારી હાલત જોઈને બળાપો કાઢે કે, લગન પછી રોકી કેમ 'રાંક' બની ગયો?

એક મિત્રે ચમનિયાને પૂછ્યું કે, લગન કરવાં હોય તો લવ મેરેજ સારા કે એરેન્જ મેરેજ? ચમનિયો કહે 'કારેલાને બાફીને ખાવ, તળીને ખાવ કે, રાંધીને ખાવ, કોઈ ફરક નહિ પડે. કડવાશ તો પકડે જ!' ઘડિયાળને દર અઠવાડીએ ચાવી આપવાની, ને વાઈફને દર મહિનાની પહેલી તારીખે પગાર આપવાનો! હિસાબ તો માંગવાનો જ નહિ! માંગવા ગયા તો ભ.જા. (ભગવાન જાણે) કહીને છૂટી જાય! ગાય ખાઈ ગઈ, એમ સમજી મૌન ધારણ કરી લેવાનું! ખૂબી એ વાતની કે, ચમનિયાનો ઝઘડો એની વાઈફ સાથે થાય તો, આપણી જેમ બરાડા નહિ પાડે. સંસ્કૃત ભાષામાં ઝઘડીને ઉભરા કાઢે. એમાં એક વાર તો હું ભેરવાઈ ગયેલો. એના ઘરમાંથી ગુસ્સાથી સંસ્કૃત ભાષામાં અવાજ આવ્યો. 'ત્વમ્ મહા મૂર્ખમ્. અહમ્ ભોજનમ્ ન ખાદ્યામિ.!'' મને એમ કે, ઘરમાં પૂજા ચાલે છે. એટલે હું થાળી-વાડકો લઈને પ્રસાદ લેવા પહોંચ્યો. પછી ખબર પડી કે, ઘરમાં પૂજા નથી ચાલતી, પણ શાસ્ત્રોક્ત પદ્ધતિથી બંને વચ્ચે ઝઘડો ચાલે છે!

ઝઘડાનું મૂળ કારણ ક્યારેક હોય તો ટી.વી.નું રિમોટ ! એની શોધ, જેણે કરી હોય તેણે, પણ લગન પછી જ એની વેલ્યુ સમજાય. કુંવારા હોય ત્યારે ટી.વી. પર આવતી ક્રિકેટ મેચના એક-એક બોલ ઉપર નજર ભલે ઠરતી હોય, પણ લગન પછી સાસુ-વહુના ઝઘડા જ જોવાના આવે. એમાં એકાદ એપિસોડ ચૂકી ગયા તો વર બદલાઈ જાય, ક્યાં તો એની ઘરવાળી બદલાઈ જાય.! દેશનો GDP વધે કે ઘટે એની ચિંતા નહીં કરવાની, પણ સાંજે સીરિયલમાં વહુએ સાસુની ચામાં મીઠું નાખ્યું કે ઝેરની પડીકી એ જ જોવાની! રીમોટનો કબજો લેવામાં એવા ઝઘડા થાય કે, રિમોટ પણ સોફાના ખૂણામાં સંતાઈ જાય. જેને શોધવા માટે તપાસ સમિતિ બેસાડવી પડે. ટૂંકમાં લગન થયા પછી પતિની આઝાદી રહેતી નથી.! પતિ ભલે પરમેશ્વર કહેવાતો હોય, પણ ઘણા પરમેશ્વરોએ તો લોકલાજે પણ બોલવું પડે કે, 'આઝાદી અમર રહો!'

### લાસ્ટ બોલ

એના કપાળમાં કાંદા ફોડું, ચમનિયાનાં પહેરવાનાં કપડાંમાં પણ વાઈફની દખલગીરી! ચમનિયાને પીળો શર્ટ અને સફેદ પેન્ટ પહેરવાનો બહુ ગમે. એક દિવસ ચંચીએ હસતાં હસતાં કહ્યું, 'હવે આ પીળો શર્ટ અને સફેદ પેન્ટ નહિ પહેરતા. મારી બહેનપણીઓ તમને જોઈને પૂછે છે કે, 'તારો 'દાળ-ભાત' કેમ આજકાલ દેખાતો નથી? બિચારાએ પીળો શર્ટ પહેરવાનું બંધ કરીને લાલ-લીલાં કપડાં પહેરવાનું શરૂ કર્યું. તો એની બહેનપણી હવે એમ કહે છે કે, 'જો તારો પોપટ આવ્યો!'

તારા કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સ્વાતંત્ર્ય દિન નિમિત્તે

પંદરમી ઑગસ્ટ શનિવારના રોજ સ્વાતંત્ર્ય દિન આવે છે.તે દિવસે ધ્વજ વંદન કરી લોકો છુટા પડશે.પરંતુ આઝાદ દેશમાં આપણે શું કરી શકીએ તે પણ વિચારવું જોઈએ. આપણે નિયમોનું પાલન કરી શકીએ.અને તે રીતે દેશને મદદરૂપ થઈ શકીએ. ટ્રાફિકના નિયમો,ગંદકી ન કરવી,પ્લાસ્ટિક બેગ ન વાપરવી,વ્યસનોથી મુક્ત રહેવું અને વ્યસન કરનારને સાચી સલાહ આપવી.આરોગ્યને નુકસાન કરતા ખોરાકનું સેવન ન કરવું.સ્ત્રીઓનું સન્માન કરવું,ઝઘડાઓ અને મારા મારીથી દૂર રહેવું,એસ. ટી.બસ અને ટ્રેનમાં ચડતી ઉતરતી વખતે ધક્કામુક્કી ન કરવી અને સિનિયર સિટીઝનો ને તકલીફ ન પડે તે રીતનું વર્તન કરવું.વડીલોને માન આપવું,દરેક ધર્મના લોકોને ભારતીય ની નજરે જોવા. ધંધાદારીઓએ ગરીબો પાસેથી વધુ નફો મેળવવાની વૃત્તિ ન રાખવી.છેતરપિંડી ન કરવી. સાઈબર અપરાધમાં સાથ ન આપવો.દેશના ગદ્દારોને ઉઘાડા પાડવામાં અચકાવું નહીં.આટલું જે દેશનો નાગરિક કરશે તો રાષ્ટ્રધ્વજનું સન્માન થશે.

**સુરત - પ્રવિણ પરમાર**

## શિક્ષણનો સાચો અર્થ

શિક્ષણ એ જીવનનું સર્વોત્તમ આભૂષણ છે. પુસ્તકીય જ્ઞાન આવશ્યક છે, પરંતુ માત્ર શબ્દો ગોખી લેવા કે ડિગ્રી પ્રાપ્ત કરી લેવા સુધી શિક્ષણ સીમિત નથી. શિક્ષણનો વાસ્તવિક હેતુ સારા, સંવેદનશીલ, આત્મનિર્ભર અને જવાબદાર નાગરિકોનું ઘડતર કરવાનો છે. આંતરિક શક્તિઓનો વિકાસ અને વ્યવહાર જીવનકૌશલ્યનું સંવર્ધન પણ શિક્ષણનો અનિવાર્ય ભાગ છે. ગુરુનું માર્ગદર્શન મહત્વપૂર્ણ છે, પરંતુ અનુભવ, સંશોધન અને સતત પ્રયત્નોથી જ જ્ઞાન સંપૂર્ણ બને છે. શિક્ષણ વ્યક્તિને સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો સમજાવી સકારાત્મક પરિવર્તન માટે પ્રેરિત કરે છે. આજના સમયમાં શિક્ષણ મૂલ્યઆધારિત અને સંસ્કારસભર હોવી જરૂરી છે. શિક્ષણના નામે હિંસા, અસંસ્કારી વર્તન કે અપમાનજનક ભાષાને સ્થાન ન હોવું જોઈએ. સાચું શિક્ષણ વ્યક્તિને માત્ર સફળ નહીં, પરંતુ સારો અને જવાબદાર માનવી બનાવે છે. શિક્ષણનું સાચું મૂલ્ય પુસ્તકીય જ્ઞાનમાં નથી, પરંતુ સંસ્કાર, જવાબદારી અને માનવતાના વિકાસમાં રહેલું છે. શિક્ષણ એ વ્યક્તિ અને સમાજ બંનેના સર્વાંગી વિકાસનો પાયો છે. જ્ઞાન સાથે સંસ્કારોનું સિંચન થાય ત્યારે જ સુખી, સમૃદ્ધ અને સંવેદનશીલ સમાજનું નિર્માણ શક્ય બને છે.

**સુરત -સંદીપ માંગુકિયા**

## પ્રતિભાશાળી કલાકાર કિશોરકુમાર

બોલિવૂડના લોકપ્રિય પાર્શ્વગાયક જેમણે 1198 ફિલ્મોમાં ગાયેલા 2678 ફિલ્મી ગીતોમાંથી લગભગ હિંદી ઉપરાંત બંગાળી,મરાઠી,આસામી,ગુજરાતી,કન્નડ,ભોજપુરી, મલયાલી અને ઉર્દૂ ભાષામાં સેંકડો ગીતો ગાયા છે.હિંદી ફિલ્મોના પાર્શ્વગાયક,અભિનેતા,સંગીતકાર,નિર્માતા,નિર્દેશક ,પટકથા લેખક અશોકકુમારના નાનાભાઈ જેમણે હિંદી સિનેમા માટે લગભગ દરેક મૂડ અને ભાવ પ્રમાણે સ્વરાંકન કરાવેલું છે તેવા કિશોરકુમારનો જન્મ 4/8/1929ના રોજ થયો હતો. સંગીતની શાસ્ત્રીય ન લેનાર આ કલાકારને શરૂઆતમાં ગાયક સાયગલની નકલ કરતા જોઈ સચીન દેવ બર્મને તેમને ખુદની જ સ્ટાઈલ વિકસાવવાનું કહ્યું.તેમણે શ્રેષ્ઠ ગીતકાર તરીકે 8 ફિલ્મફેર એવોર્ડ અને લતા મંગેશકર એવોર્ડ મળેલા છે.ચાર ભાઈબહેનોમાં મોટા અશોકકુમાર ફિલ્મોમાં હીરો પ્રસ્થાપિત થતા કિશોરકુમાર મુંબઈ આવી ગયા. અશોકકુમારના આગ્રહથી હીરો બન્યા.1946 - 1955 સુધી 22 ફિલ્મોમાં અભિનય કર્યો પણ 16 ફ્લોપ રહી.1956 - 1965 સુધીની ફિલ્મો તેમણે સક્રિય રસ લેતા સફળ રહી.1965 પછી તેમણે પાર્શ્વગાયન તરફ ધ્યાન આપતા બોલિવૂડમાં લોકપ્રિય બન્યા.પડોશણ તેમની લોકપ્રિય ફિલ્મોમાંની એક ફિલ્મ હતી.કવિવર ટાગોર,સાયગલ અને ડેની કાયને ચાહનારા આ તરંગી પાર્શ્વગાયકનું અવસાન 58 વર્ષની ઉંમરે 13/10/1987ના રોજ થયુ હતુ.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

## ૧૫ ઓગસ્ટ: આત્મચિંતનનો અવસર

૧૫ ઓગસ્ટ એ માત્ર ઉત્સવ નથી, પણ એક નાગરિક તરીકે આપણી ભીતર ડોકિયું કરવાનો દિવસ છે. ધ્વજવંદન, દેશભક્તિના ગીતો અને રાષ્ટ્રપ્રેમના ગુંજારવ વચ્ચે આપણે સ્વાતંત્ર્ય પર્વ ધામધૂમથી ઉજવીએ છીએ; પરંતુ કરૂણતા એ છે કે ૧૬મી ઓગસ્ટે જ આપણે નાગરિક તરીકેની ફરજો ભુલાવી દઈએ છીએ. ભારતીય બંધારણે આપણને માત્ર અધિકારો નથી આપ્યા, પણ મૂળભૂત ફરજોની ભેટ પણ આપી છે. કાયદાનું પાલન, જાહેર સંપત્તિની જાળવણી, પર્યાવરણનું સંરક્ષણ, પ્રામાણિક કરવેરા, સક્રિય મતદાન અને સામાજિક સૌહાર્દ–એ કોઈ ઉપકાર નથી, પણ દેશ પ્રત્યેનું આપણું ઋણ છે. દેશપ્રેમ માત્ર સોશિયલ મીડિયાના સ્ટેટસ કે સૂત્રોચ્ચારમાં સીમિત ન હોવો જોઈએ, પણ આપણા રોજિંદા વર્તનમાં પ્રામાણિકતા રૂપે ઝળકવો જોઈએ. ૧૫ ઓગસ્ટ આવશે અને જશે. પરંતુ, તિરંગા માટેનું સન્માન જો આપણા આચરણમાં વણાઈ જાય, તો જ આ સ્વતંત્રતા સાચા અર્થમાં સાર્થક ગણાશે.

**સુરત -સુનીલ શાહ**

## ભગવાન જ મારો ગુરુ - બાપુ

ગોખલે બાપુના ગુરુ હતા પણ તે કેવળ રાજકીયક્ષેત્ર પૂરતા. તેમણે ગોખલેજીની રાજનીતિમાં પોતાના બધા આદર્શો જોયા. ગોખલેજી બાપુના જીવનગુરુ નહોતા. એકવાર બાપુએ પોતાના લેખમાં લખેલું કે, 'હું ગુરુની શોધમાં છું કારણ કે ગુરુ મળતાં જ માણસનો ઉદ્ધાર થાય છે.' બસ, આટલું જ લખ્યું ત્યાં એમના પર સેંકડો પત્રો આવવા લાગ્યા. કોઈ લખતા કે અમુક જગ્યાએ એક મોટા મહાત્મા રહે છે. તેઓ મહાન યોગી છે ને તેમને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. આપ તેમની પાસે જઈને ઉપદેશ ગ્રહણ કરો. લોકોએ તેમને અનેક માર્ગ બતાવ્યા. કોઈકે પોતાની જ ભલામણ કરી ગાંધીજીના ગુરુ બનવાની તૈયારી બતાવી હોય તો નવાઈ નથી ! છેવટે બાપુને જાહેર કરવું પડ્યું કે, 'હું જે ગુરુની ખોજમાં છું તે ગુરુ ભગવાન પોતે જ છે. ભગવાન જ મારો ગુરુ બની શકે કેમ કે તેને પ્રાપ્ત કર્યા પછી કશી સાધના બાકી રહેતી નથી. મારું આ આખું જીવન ને મારી તમામ પ્રવૃત્તિએ ગુરુની શોધને માટે છે.'

**વિજલપોર - ડાયાભાઈ પટેલ**

## ગૌમૂત્ર, પેટન્ટ અને ગેરસમજ

અમેરિકાએ ગાયના કાચા મૂત્ર પર કોઈ પેટન્ટ આપ્યું નહોતું. વર્ષ 2002 અને 2005માં ભારતની CSIRને ગાયના મૂત્રના ડિસ્ટિલેટના વિશિષ્ટ ઔષધીય ઉપયોગ અને પ્રક્રિયા સંબંધિત અમેરિકન પેટન્ટ મળ્યા હતા. મહત્વની વાત એ છે કે પેટન્ટ મળવું એટલે તે દવા વૈજ્ઞાનિક રીતે સાબિત થઈ ગઈ અથવા FDA દ્વારા સારવાર તરીકે મંજૂર થઈ ગઈ એવો અર્થ થતો નથી. પેટન્ટ માત્ર બૌદ્ધિક સંપત્તિનો અધિકાર (Intellectual Property Right) છે.વધુમાં, આ બંને અમેરિકન પેટન્ટ કોઈ કારણસર રદ થયા નહોતા, પરંતુ તેમની કાયદેસરની મુદત પૂર્ણ થતાં સમાપ્ત (Expired) થઈ ગયા હતા. તેથી, "અમેરિકાએ ગાયના મૂત્રનું પેટન્ટ કર્યું એટલે તેના ઔષધીય ગુણો વૈજ્ઞાનિક રીતે સાબિત થઈ ગયા" એવો દાવો તથ્યપૂર્ણ નથી. કોઈપણ ઔષધીય દાવાનું મૂલ્યાંકન ક્લિનિકલ પુરાવા, સ્વતંત્ર વૈજ્ઞાનિક સંશોધન અને નિયમનકારી મંજૂરીઓના આધારે થાય છે–માત્ર પેટન્ટ મળવાથી નહીં.

**સુરત - નિલેશ ચૌહાણ**